૧૧૫
C

ણામૂર્તિ બાલસાહિત્યમાળા

પાદનઃ ગિજુભાઈ • તારાબેન

# મોટા પાઠો

1600086



સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# મોટા પાઠો

: લેખક :

ગિજુભાઈ

શારદામંદિર
અમદાવાદ ૭
૧૬૫

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ ○ અમદાવાદ-૨

શ્રી દક્ષિણામૂર્તિ
બાલસાહિત્યમાળા

પુસ્તક ૨૯મું

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકના

મુદ્રણ છઠ્ઠું :
ડિસેમ્બર ૧૯૬૭

મૂલ્ય પચાસ પૈસા

[ ૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦ ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# મોટા પાઠો

## પતંગિયાં

બાગે બાગે ફૂલછોડ;
છોડે છોડે ફૂલ ફૂલ;
ફૂલે ફૂલે પતંગિયાં.

જાતજાતનાં પતંગિયાં;
ભાતભાતનાં પતંગિયાં;
રંગબેરંગી પતંગિયાં;
નાનાં મોટાં પતંગિયાં.

આવ, પતંગિયા! નહિ આવું.
તારી પાંખ પકડીશ; નહિ પકડાઉં.
તને રંગે રંગીશ; નહિ રંગાઉં.
તને અંગે અડીશ; ઊડી જઇશ.

# મખમલિયાં

વા વાયો ને વાદળ ચડ્યું;
મેઘ ગાજ્યો ને પાણી પડ્યું;
ભોંય પલળી ને ખડ થયું;
ખડમાં જે મખમલિયું રહ્યું..

મખમલ જેવો તારો રંગ.
મખમલ જેવું તારું અંગ.

લાલ લાલ ને સુંવાળું,
સુંવાળું ને લાલ લાલ.

આવ, મખમલિયા ! આવ.
બાબી ! મને વીણવા દે;

મને એ પાળવા દે;
ડાબલીમાં ભરવા દે.

કેટલાં બધાં મખમલિયાં !
માણેક જેવાં મખમલિયાં !

# ટીડડાં

ફળિયામાં આકડા,
વાડામાં આકડા;
જ્યાં જુઓ ત્યાં આકડા.

આકડે આકડે લીલાં પાન,
પાને પાને ટીડકરાજ;
જ્યાં જુઓ ત્યાં ટીડારાજ.

આમ ઊડે, તેમ ઊડે;
પાન ખાય, જાડા થાય;
ઈંડે ઈંડે ટીડડું ઊડે.

દીવા ફરતાં ઊડ્યા કરે,
ખાવાટાણે ભાણે પડે,
ટપ ટપ કરતા માથે અડે,
ઊંચા થઈને નીચે પડે.

ટીડારાણા રામરામ;
ટીડારાણા શામશામ.

# માખીનો વાઘ

વનના વાઘે વન ગાજે;
વનના વાઘે પશુ ભાગે.
વનનો વાઘ વાછડા જેવડો.
વનના વાઘે ચટાપટા.
પણ આને વાઘ કેમ કહો છો?

માખી બેઠી ગણુગણુ કરે;
પાંખ - પગને ફફડાવે;
ગોળ - ખાંડ ચૂસે કરે;
વાઘ એના ઉપર પડે;
ઝટ દઈને પકડી પાડે.

માખીનો એ વાઘ છે.
માખીનો એ કાળ છે.

આ વાઘ ઘરમાં રહે,
માખી પાછળ ફર્યા કરે;
માખી દીઠી મૂકે નહિ,
એક ચોટ ચૂકે નહિ

## કરોળિયો

ઘરમાં ચાર ખૂણા છે.
ત્રણ ખૂણા ખાલી છે,
એક ખૂણે જાળું છે,
કરોળિયાનું થાણું છે,
લાળે લાળે બાંધ્યું છે.

મચ્છર નીકળ્યો.
આવો ભાઈ!
માખી નીકળી;
આવો બાઈ!

નજીક આવ્યે હડી કાઢે,
ઝટ દઈને ચોટ નાખે;
ચક્કર ચક્કર ફરવા માંડે,
લાળે લાળે વીંટી વાળે.

હાથ-પગને બાંધી વાળે;
કેદી કરી તાબે કરે;
તાબે કરી ગળે ધરે.

# માખી

ગોળ ઉપર માખી;
ખાંડ ઉપર માખી;
થૂંક ઉપર માખી;
શેડાં ઉપર માખી.

ગોળ ઉપરથી ગૂ ઉપર
ને ગૂ ઉપરથી ગોળ ઉપર.

માખી તે કાંઈ ગંદી!
માખી તે કાંઈ મેલી!

ગંદીગંદી ગંદકીભરી,
ખાવાના પર બેસે ઠરી;
ગંદું ગંદું ખાવું કરે,
નાની મોટી પીડા કરે.

ચાલો એને ઉડાડીએ.
ચાલો એને કાઢી મૂકીએ.
ચાલો બધું ઢાંકી દઈએ.
ચાલો ગંદકી બાળી દઈએ.

## મચ્છર

ગણગણ કરતા ફરતા ફરે;
જેને તેને કરડ્યા કરે;
દીએ સંતાકૂકડી રમે;
રાતે ફરવા નીકળી પડે.
ચાલો એને કાઢી મૂકીએ.
ઝાપટ મારતાં નથી જતા;
પવન ફેંકતાં નથી જતા.
ચાલો ત્યારે ધુમાડો કરીએ.
લોબાનથી એ નહિ જાય;
ગૂગળથી પણ નહિ જાય;
લીમડાથી એ ચાલ્યા જશે.
કાઢ્યા તો યે પાછા આવ્યા!
આ ખાડામાં મચ્છર છે;
પેલા ખાડામાં મચ્છર છે.
ઘાસલેટ રેડો, ફિનાઇલ રેડો;
મચ્છરબચ્છર થશે નહિ, તો.

# ચ ક લી

આ માળામાં ચકલી છે.
ચકલીને ચાર બચ્ચાં છે.
ચારે બચ્ચાંને ચાંચો છે;
ચારે બચ્ચાંને પાંખો છે.

કુસુમબેન ચોખા લાવ્યાં;
ભાનુમતી તલ લાવ્યાં;
નભુભાઈ જાર લાવ્યા;
બાબીબેન મગ લાવ્યાં.

મગ તો કોઈ નથી ખાતું;
તલ બચ્ચાંને ભાવે છે.
ચોખા તો ચકલી ચણે છે;
જાર એને નથી ભાવતી.

લાવો ને હવે પાણી પાઈએ?
ચકલીબાઈએ પાણી પીધું,
ચાંચે ચાંચે બચ્ચાંને પાયું,
ખાધું પીધું ને રાજ કર્યું.

# કાગડો

વંડી ઉપરથી વડ ઉપર
ને વડ ઉપરથી વંડી ઉપર;
ખાટલેથી ખીંતીએ
ને ખીંતીએથી ખાટલે.
'કા કા' કરતો કાગ ઊડે.

કબૂતર પકડું, ચકલી પકડું;
મોર પકડું, કાબર પકડું;
કોયલ પકડું, હોલું પકડું,
કાગડો કોઈથી ન પકડાય;
કાગડો કોઈથી ન છેતરાય.

વાણિયે એને પકડેલો;
એની એક વાર્તા છે;
સાચું ખોટું એ જાણે.

શિયાળે એને છેતરેલો;
એની યે એક વાર્તા છે;
સાચું ખોટું એ જાણે.

# પોપટ

પાંજરામાં પોપટ છે.
પીળી લીલી પાંખ છે;
નમણું રાતું નાક છે;
ગળે કાળો કાંઠલો છે.
પઢો, પોપટજી! પઢો.

પઢે તે પોપટ, ન પઢે તે સૂડા;
પંખીની નાતમાં પોપટજી રૂડા!

પઢો, પોપટજી! પઢો.
સીતા રા....મ પઢો.
શ્રી ભગવા....ન પઢો.

હંસાબહેને પઢાવ્યા;
મનુભાઈએ પઢાવ્યા.

સૌએ એને પઢાવ્યા;
પોપટજી પઢી રહ્યા.

# પારેવાં

ઘરની ભીંતે ગોખલો છે;
ગોખલે પારેવાં બેઠાં છે.
ભૂરાં છે ને ભોળાં છે;
નર ને એક નારી છે.

સળીઓનું આ શું કરશો?
એનો અમે માળો બાંધશું.
માળે તમે શું કરશો?
માળે અમે ઈંડાં મૂકશું.

ઈંડાંમાંથી શું થશે?
ઈંડાંમાંથી બચ્ચાં થશે.
બચ્ચાં પછી શું કરશે?
મોટાં થઈને ઊડી જશે.

પછી તમે શું કરશો?
પછી પાછો માળો બાંધશું;
પછી પાછાં ઈંડાં મૂકશું;
પછી પાછું એનું એ.

# હોલું

ખોરડાને બે પડાળ;
એક પડાળ આ બાજુ,
ને બીજું પડાળ પેલી બાજુ.
વચ્ચે લાંબો મોભ હોય.
મોભે બેસી હોલું બોલે:

'ઘૂઘૂ....ઘૂ,....ઘૂઘૂ....ઘૂ.
હું તો તેજૂ....ડી;
હું તો તેજૂ....ડી.'

બા, બા! શું બોલે છે?
એ તો હોલું બોલે છે;
જો પણે મોભ ઉપર.

હવે કાંઈક બીજું બોલે છે.
એ તો એમ બોલે છે:
'ભાભી....જી!
ઘઉં ભરડું કે કાંકરડા?'
વાહ! હોલું તો ભારે છે!

# ચીબરી

ચીબરીબાઈ! રામરામ.
ચીબચીબ.
ચીબરીબાઈ! શામશામ.
ચીબચીબ.
ચીબરીબાઈ! કેમ બેઠાં?
દિવસ છે.
ચીબરીબાઈ! ક્યારે ઊઠશો?
રાત પડચે.
ચીબરીબાઈ! આંખ કેવી?
ગોળ ગોળ.
ચીબરીબાઈ! પાંખ કેવી?
પંખા જેવી.
ચીબરીબાઈ! ચાંચ કેવી?
ઘુવડ જેવી.
ચીબરીબાઈ! મોં કેવું?
ચોબરી જેવું.

# કૂકડી

ઘર પછવાડે વાડો છે,
વાડામાં એક ખાડો છે,
ખાડામાં બે બચ્ચાં છે;
કૂકડીનાં એ કચ્ચાં છે.
કૂકડી, કૂકડી! રામરામ.
કૂકડે કૂ, કૂકડે કૂ.
અમારે બચ્ચાં જોવાં છે
કૂકડે કૂ, કૂકડે કૂ.
અહા, તમારાં કાંઈ બચ્ચાં!
કૂકડે કૂ, કૂકડે કૂ.
એક અમને આપશો કે?
કૂકડે કૂ, કૂકડે કૂ.
લ્યો, હવે રામ રામ!
કૂકડે કૂ, કૂકડે કૂ.
કૂકડી કાંઈ ભલી છે!
કૂકડો કાંઈ ભલો છે!

# મો ૨

લીમડાને ડાળો છે.
ડાળે ડાળે મોર છે.
મોરે મોરે પીંછાં છે.
પીંછે પીંછે ટીલડી છે.
ટીલડીએ ટીલડીએ રંગો છે.

સવારે મોર કેમ બોલે ?
પિયુ પિયુ.
બપોરે મોર કેમ બોલે ?
ટેહુક ટેહુક.
સાંજે મોર કેમ બોલે ?
મેઆવ મેઆવ.

મોર રોજ કળા કરે;
કળા કરતો નાચ કરે.
ઢેલ નાચ ઝીલ્યા કરે;
નાચેનાચે ડોલ્યા કરે;
મોરપીંછાં ઝૂલ્યા કરે.

## માકડ

કેમ માકડભાઈ! કરડો છો?
ભૂખ લાગે તે શું કરીએ?
કેમ અમને કરડો છો?
શું કામ અમને રાખો છો?
કોણ તમને રાખે છે?
તમે અમને રાખો છો.
ક્યાં અમે રાખીએ છીએ?
ખાટલામાં, પલંગમાં,
ગાદલામાં, ગાદલીમાં,
બાંકડામાં, ખુરશીમાં.
કેમેય કરીને જવું છે?
કાઢો ત્યારે જઈને ના?
કેમે કરીને કાઢીએ?
તેલ છાંટો, તડકે નાખો,
સ્વચ્છ રહો, સ્વચ્છ રાખો.
કોણ તમારે ત્યાં આવે છે?

## જૂ

જૂબાઈ, જૂબાઈ! ક્યાં રહેવાં ?
રહેવાં માણસના માથામાં.
જૂબાઈ, જૂબાઈ! શું ખાઓ ?
ખાઈએ માણસનું લોહી.
જૂબાઈ, જૂબાઈ! કેટલાં છોકરાં ?
છોકરાંછૈયાં લાખમલાખ.
જૂબાઈ, જૂબાઈ! ક્યાંથી આવ્યાં ?
આવ્યાં અમે તળાવેથી,
આવ્યાં અમે પરસેવેથી,
આવ્યાં અમે દાંતિયેથી,
આવ્યાં અમે ગંદકીથી.
જૂબાઈ, જૂબાઈ! કેમ જશો ?
માથું ઓળી નહાયે જશું,
પારાવાળા તેલે જશું,
દાક્તરની દવાએ જશું,
માણસની ચોખ્ખાઈએ જશું.

# ગ રો ળી

આ ભીંતે ગરોળી,
  પેલી ભીંતે ગરોળી;
રસોડામાં  ગરોળી,
  પાયખાનામાં ગરોળી;
ભીંતે ભીંતે ગરોળી,
જ્યાં જુઓ ત્યાં ગરોળી.

કેવી હોય એ ગરોળી?
  ચાર એને પગ છે,
  બે એને આંખો છે,
  એક એને પૂંછડી છે;
  મગરની એ માશી હશે.

શું ખાય એ ગરોળી?
  માખીને એ ગળી જાય,
  પતંગિયાને પકડી લે,
  ટીડડાંને નહિ જાવા દે,
  ફૂદડાંને નવ દીઠાં મૂકે.

# કીડી

ઘેર ઘેર દર ઘણાં.
દરે દરે કણ ઘણા;
દરે દરે કીડી ઘણી;
ઘેર ઘેર દર ઘણાં.

જુઓ તો આ કીડીહાર !
એક પાછળ બીજી છે;
બીજી પાછળ ત્રીજી છે;
ત્રીજી પાછળ ચોથી છે;
એમ જાય પાછળ પાછળ.

જુઓ તો આ એની રીત !
પૂછ્યાં વિના સાકર ખાય;
પૂછ્યા વિના ગોળ ખાય.

પૂછ્યા વિના કણ લે;
પૂછ્યા વિના મધ ચાટે.

પૂછ્યા વિના પાણી પીએ;
પૂછ્યાં વિના આવે જાય.

# કા કી ડો

વાડ ઉપર કાકીડો.
ઝાડ ઉપર કાકીડો;
બાવળ ઉપર કાકીડો;
આવળ ઉપર કાકીડો;
થોર ઉપર કાકીડો,
બોર ઉપર કાકીડો.

રામુ કહે: "એ....પણે કાકીડો."
લાલો કહે: "ચાલો એને ડોલાવીએ."
ભાભા કહે: "હું એને ડોલાવીશ."
ડોલ, કાકીડા! ડોલ;
તારી વાડીમાં કમળફૂલ.

અરે, આ તો ડોક હલાવે છે!
વાહ, કંઈ ડોક છે!
લાલ લાલ ચોળ છે!
ડોલ, કાકીડા! ડોલ;
તારી વાડીમાં કમળફૂલ.

# વીંછી

દોડો દોડો; વીંછી નીકળ્યો.
હા માળું, વીંછી છે કાંઈ!
લાવો ને ઝટ સાણુશી!
લાવો ને કોઈ ચીપિયો!
એ ભાગ્યો; એ ભાગ્યો!
ભાગશે ક્યાં? આ દબાવ્યો.
લાવો હવે દોરો; આંકડો જ બાંધીએ.
જોજે હં, બરાબર બાંધજે.
વાહ વીંછીભાઈ! ભારે થઈ!
હવે બિચારો કેમ ચાલે?
બાંધ્યા પછી શું થાય?
અરે ભાઈ! એને છોડી દ્યો ને?
ના રે ભાઈ! કરડી ખાય ને?
છોડી દ્યો ને, છોડી દ્યો ને?
છેટે જઈને મૂકી દ્યો ને?

# ઉંદર

ભીંતોમાં ઉંદર છે.
ઉંદર નાના મોટા છે;
ઉંદર કાળા ભૂરા છે;
ઉંદર ભારે પાકા છે.
ચાલો ને આપણે ઉંદર પકડીએ ?
ઉંદરિયાને અહીં મૂકો;
મહીં એક રોટલી નાખો.
હવે આપણે ખસી જાઓ;
આઘાપાછા થઈ જાઓ.
કેમ ભાઈ! પકડાયા કે ?
રોટલી ખાવા આવ્યા'તા કે ?
કૂદી કૂદીને ક્યાં જશો ?
ડોળા ફાડ્યેથી શું થશે ?
મૂછો હલાવ્યે શું થશે ?
ચાલો તમને કોણ પૂરે ?
ઉંદરભાઈને છોડી મૂક્યા.

# બિલ્લી

બિલ્લી અમે પાળી છે,
ડિલે આખે કાળી છે;
તીણા તીણા નખ છે,
કૂણા કૂણા પગ છે.
બિલ્લીબાઈ! કેમ બેસશો?
ખોળે ચડી.
બિલ્લીબાઈ! કેમ બોલશો?
મિયાઉં મિયાઉં.
બિલ્લીબાઈ! શું ભાવે?
ઉંદરબુંદર.
બિલ્લીબાઈ! શું પીશો?
દૂધબૂધ.
બિલ્લીબાઈ! કેમ ખિજાશો?
ઘુરરર ઘુરરર.
બિલ્લીબાઈ! કેમ રીઝશો?
ઉંહું ઉંહું

# કુત્તો

કુત્તો અમારો ચોકીદાર.
ઘર ફરતો આંટા ફરે.

નવતર ભાળી ભસવા લાગે;
રાત આખી જાગ્યા કરે.

ચાલો એને જોવા જઈએ.
વાહ, કુત્તાભાઈ! વાહ!

ઝાડ થઈને છાતીએ ચડયા.
ખુશી થઈને મોં ચાંટયું.
ભોંય પડીને પેટ દેખાડયું.

કેડ મરડીને પૂંછડી હલાવી.
ઉં ઉં કરીને હેત બતાવ્યું;

વાહ, કુત્તાભાઈ! વાહ!
વાહ રે તમારો પટ્ટા!

પટ્ટામાં કાંઈ નામ શોભે છે!
બસ, કુત્તાભાઈ! બસ!

# દેડકું

ઘરને બે ખાળ છે;
એક છે ઉગમણી, એક છે આથમણી.
એક ખાળે દેડકી રહે;
બીજી ખાળે દેડકો રહે.
ચાલો ને આપણે પકડીએ?
ધીરી થા ને! એમ તે કાંઈ પકડાય?
જો ને. એ કુદુક કરતું ભાગે છે!
રૂમાલ નાખવા દે, રૂમાલ.
અરે, એને આમ પકડો ને?
કાં ભાઈ! ભાગ્યા’તા ને?
ફુલાવો હવે પેટ, ને હલાવો ટાંટૂડી.
જુઓ તો કાંઈ હાંફે છે!
એ દેડકાભાઈ! જરા ગાણું તો ગાઓ?
એ, જવા દો, જવા દો;
ઓ પેલી દેડકી મૂંઝાય છે.
એ કૂદ્યા; એ કૂદ્યા; એ ખાળમાં પેઠા!

# શેળો

ગોળ ગોળ દડ્યો જાય;
વાડે વાડે રડયો જાય;
સાપ મળે તો સામો થાય;
પૂંછડી પકડી બેસી જાય.

માથું ફૂટી સાપ મરે;
શેળો બેઠો મોજ કરે.

પાણી ભાળી પાછો ફરે;
પાણી છાંટ્યે રીડચું કરે.
પાણીમાં જો પડી જાય;
ચારે પગે તરવા ધાય.

ઉંદર જાતે શેળો જાત;
અંગે કાંટા એક લાખ

ઉંદર ચાલે ચાલ્યો જાય;
અડતાં ગોળો જેવો થાય.
શેળો વાડે વાડે દડે;
શેળો સાપની પાછળ પડે.

# ખિસકોલી

આવો, ખિલીબાઈ! આવો.
ઝટપટ ઝટપટ દોડી આવો;
પૂંછડી હલાવતાં દોડી આવો;
આમતેમ જોતાં દોડી આવો;
કાં ખીલીબાઈ! શું ખાશો?

ફળ ખાશું,
ફૂલ ખાશું,
દાણા ખાશું,
અન્ન ખાશું.

વાહ! ખિલીબાઈ કાંઈ બેઠાં છો!
આ તો બેઠાં માણસ જેમ;
આ તો બેઠાં વાંદર જેમ.

ત્યારે તમારી વાર્તા છે.
ત્યારે તમને ગાતાં આવડે.
ત્યારે તમને ફોલતાં આવડે.
ત્યારે તમને રાજા પરણે.

# બકરી

પાડોશમાં એક બકરી છે.
બકરીને બે બચ્ચાં છે;
એક બચ્ચું કાળું છે,
બીજું બચ્ચું ધોળું છે.
ચાલો જઈએ બકરી પાસે.
અરે! આ તો ધાવે છે.
બચબચ કરતાં ધાવે છે,
ડોક હલાવતાં ધાવે છે,
ખુશ ખુશ થાતાં ધાવે છે.
માશી, માશી! બચ્ચાં લઈએ?
આપણે એને પાળીએ?
બા, બા! તું જો તો ખરી?
કેવું એનું નાક છે!
કેવી એની પૂંછડી છે!
કેવું કેવું સુંવાળું છે!
કેવું રૂપાળું બોલે છે!

# સસલું

ઘરમાં એક પાંજરું છે
પાંજરામાં સસલું છે.
સસલાને મેં પાળ્યું છે.
ક્યાં સસાભાઈ! શું ખાધું?
ઘરો ખાધી,
ચણા ખાધા,
રજકો ખાધો.
ક્યાં સસાભાઈ! નહાયા ધોયા?
નાનાભાઈએ નવરાવ્યાં;
મોટીબ્હેને ધોવરાવ્યા.
ક્યાં સસાભાઈ! શું કરશો?
બાબુ સાથે કૂદકા મારશું,
બચુને હાથ નહિ આવીએ.
વાહ, સસાભાઈ સાંકળિયા!

# ગલુડિયું

કૂતરી વિયાઈ; કૂતરી વિયાઈ.
ગલુ જોવા; ગલુ જોવા.
ચાલો ચાલો; ચાલો ચાલો.

કાળું ગલુ મનુનું;
રાતું ગલુ રૂખીનું;
ધોળું ગલુ ચંપાનું;
કાબરું ગલુ મારું.

ચાલો આપણે રોટલા લાવીએ.
"આઈ માઈ, કૂતરી વિયાઈ;
ધાન દ્યો કે ધોકે દ્યો."
ઘણાં ઘર માગી વળ્યાં.

લે મોતી! રોટલો ખા.
લે મોતી! પાણી પી.
જો મોતી! ગલુને ખૂબ ધવરાવજે.

# ગા ય

ગમાણે ગાય છે.
ગાયને શિંગડાં છે.
શિંગડીએ રંગ છે.

ચાલો ને આપણે પાણી પાઈએ?
જમુભાઈ! ડોલ લાવો;
જશીબેન! પાણી લાવો.
પો પો; ત્રો ત્રો!

પીઓ, માવડી! પીઓ,
ઠંડાં પાણી પીઓ;
પો પો, ત્રો ત્રો!

એક ડોલ ખાલી થઈ;
બીજી ડોલ ખાલી થઈ;
ત્રીજી ડોલ ખાલી થઈ;
ચોથી ડોલે ધરાઈ ગયાં!

# ભેંશ

વાડામાં એક ભેંશ છે.
ભેંશને બે શીંગ છે,
શીંગ ગોળ ગોળ છે.
પાછળ મોટું માથું છે.

ચાલો જોવા, ભેંશ દોહે છે.
ખાટલી ઉપર બેઠો છે.
કોણ છે એ? રઘુ ભરવાડ?
હા, બા! હું ભેંશ દોહું છું.

આ મારું નોંજણું છે;
આમાં હું દૂધ દોહીશ.
'ઝમઝમ, સરડસરડ!'
બોઘરણું આખું ભરાઈ ગયું.

# ઘોડો

તબેલામાં ઘોડો છે.
ચાલો આપણે જોવા જઈએ.

ઓહો, આ તો હણહણ્યો!
એ તો આપણને બોલાવ્યા.

કાં ઘોડાભાઈ! ખડ ખાશો કે?
કાં ઘોડાભાઈ! પાણી પીશો કે?
રમજુ વિના નહિ ખાઓ?

રમજુ વિના નહિ પીઓ?
રમજુ તમને પાણી પાય;
રમજુ તમને ચંદી આપે.
રમજુ તમને માલેશ કરે;
રમજુ તમારી પથારી કરે.

રમજુ તમારો દોસ્તદાર!
લ્યો ઘોડાભાઈ હણહણ્યા!
એ તો એમાં "આવજો, આવજો."

# વેલ

માંડવડે વેલ છે.
વેલે લીલાં પાન છે.
પાને પાને ફૂલ છે.
ફૂલે ફૂલે વાસ છે.
ચાલો ને આપણે ફૂલ વીણીએ?
આ ડાળે તમે વીણો;
આ ડાળે તમે વીણો;
આ ડાળે હું વીણીશ;
આ ડાળે નાની વીણશે.
આ ડાળે લેશો નહિ;
આ ડાળે કળીઓ છે
ફૂલનો મોટો ગંજ થયો.
દેવીબહેને વેણી ગૂંથી;
અચુભાઈએ હાર કર્યો;
નાનીબાએ થાળ ભર્યો;
તો ય ફૂલ વધી પડ્યાં!

# તુલસી

ક્યારામાં તુલસી છે.
નાની નાની ડાળો છે;
ડાળે ડાળે પાન છે;
પાને પાને માંજર છે.

રાધા-રમણ જળ લાવ્યાં;
સીતા-રામ ફૂલ લાવ્યાં;
નથુ-નટુ ચંદન લાવ્યાં;
જમુ-વજુ ધૂપ લાવ્યા.

રાધાએ નવરાવ્યાં.
રમણે ચંદન કર્યું;
સીતાએ ફૂલ ચડાવ્યા;
રામે સામે ધૂપ ધર્યો;

નથુ-નટુએ આરતી કરી;
જમુ-વજુએ નૈવેદ્ય ધર્યું;
પૂજા કરી પગે લાગ્યાં;
નમણ લઈ આંખે અડાડયાં.

# લીમડી

લીમડીએ લીંબોળી આવી.
કાચી આવી, પાકી આવી;
લીંબોળીથી લચી પડી;
લીંબોળીથી નમી પડી.

ચાલો આજ લીંબોળી લેવા;
મળશે આજે મીઠા મેવા;

લખુ ઝાડ ઉપર ગયો;
રમુ-કમુ હેઠે રહ્યાં.
લીંબોળીને તોડતો જાય;
ટપટપ હેઠે નાખતો જાય.

રમુ-કમુ વીણતાં જાય;
ખોબા મોટા ભરતાં જાય;
પાકી પાકી જુદી કરી,
કાચી કાચી દૂર કરી.
પાકી પાકી ખાઈ ગયાં,
કાચી કાચી નાખી દીધી.

# પીંપર

ફળિયામાં પીંપર છે.
પીંપરને ડાળીઓ છે.
ડાળે ડાળે પાન છે;
પાને પાને પેપડી છે.

ચાલો ને આપણે પેપડી લઈએ?
વિજુ-કમુએ કાછડા વાળ્યા;
થડ થોભીને ઉપર ચઢી;
પેપડી ખોળે ભરવા માંડી.

વિજુબહેન! અમને આપો ને?
કમુબહેન! અમને આપો ને?
લલ્લુ-રૂખીએ ખોળા ધર્યા;
વિજુ-કમુએ પેપડી નાખી.

પેપડી લઈને ઘેર આવ્યાં.
સૌના સરખા ભાગ પાડ્યા.

ફરતાં જાય ને ખાતાં જાય;
ખાતાં જાય ને ફરતાં જાય.

# બોરડી

ખેતરે ખેતરે શેઢા, ને શેઢે શેઢે બોરડી.
બોરડી, બોરડી, તે કાંઈ બોરડી!
નકરી બોરડી જ બોરડી.

ચાલો છોકરાં! બોરાં વીણીએ.
રાતાં રાતાં બોરાં વીણીએ;
પાકાં પાકાં બોરાં વીણીએ;
વીણી વીણીને ખિસ્સે ભરીએ.

ઓહો, કાંઈ બોર છે!
ઓહો, કાંઈ મીઠાં છે?
લે, જમુભાઈ! થોડાંક લે;
મારી પાસે બહુ છે.

લ્યો, સંતોકબ્હેન! તમે લ્યો;
મેં આજે બહુ ખાધાં.
ચાલો હવે ઘેર જઈએ;
થોડાંક બોર લેતાં જઈએ.

// મનોરંજન ગ્રંથમાળા

હરીશ નાયક

જે દેશનું બાળપણ ભૂખ્યું હશે
તે દેશની જુવાની કેવી હશે?

જે બાળકોનું જ્ઞાન અધૂરું હશે
તે યુવાનોનું ભાવિ કેવું હશે?

માટે જ

મનોરંજન સાથે જ્ઞાન આપતી શ્રી. હરીશ નાયકની જ્ઞાનવર્ધક 'મનોરંજનગ્રંથમાળા' ની બાર સુંદર પુસ્તિકાઓ આપના બાળકોને વંચાવવી જ રહી.

[ટૂંક સમયમાં જ મળશે.]

આર. આર. શેઠની કંપની